**માણસાની મેડીકલ સ્ટોરમાં ચોરી કરનાર શખ્સ ઝડપાયો**

## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




સાહેબ..., આ લોકો આવ્યા છે... પર્યાવરણને નુકસાન પહોંચાડવાનું પ્રાઇઝ લીસ્ટ માંગે છે....!!

# ગ્લોબલ હેકોથોન સ્પર્ધામાં ગાંધીનગરની એનઆઈડી સામેલ

### સમગ્ર વિશ્વમાં યુકે, યુએસએ અને ભારત એમ માત્ર ત્રણ જ જગ્યાએ એક સાથે ઓનલાઈન સ્પર્ધા યોજાઈ રહી છે : એનઆઈડીની ૬ ટીમો સ્પર્ધામાં સામેલ : ૪૮ કલાકમાં ચેલેન્જ ઉકેલવાની સ્પર્ધામાં લોકલ અને ગ્લોબલ વિજેતાઓ જાહેર કરાશે

ગાંધીનગર, તા. ૧૧

ગ્લોબલ હેકોથોનમાં ભાગ લઈને નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન સંસ્થાએ ગાંધીનગરને વૈશ્વિક કક્ષાએ સ્પર્ધામાં મુક્યું છે. યુકેના એલન મેકઆર્થક ફાઉન્ડેશન દ્વારા આયોજિત ''ગ્લોબલ હેકોથોન'' સમગ્ર વિશ્વમાં માત્ર ત્રણ જ જગ્યાએ યુકેની ક્રેનફિલ્ડ યુનિવર્સિટી, યુએસએની એમઆઈટી તથા ભારતની ગાંધીનગર ખાતેની નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન ખાતે ''ઓનલાઈન'' યોજાનાર છે. તા. ૧૧મી માર્ચ સાંજે ૬ કલાકે એનઆઈડીના ઓડિટોરિયમ ખાતેથી પ્રારંભ થનાર આ સ્પર્ધામાં એનઆઈડીની ૬ ટીમો પસંદગી પામી છે.

ગ્લોબલ હેકોથોનમાં માત્ર ૪૮ કલાકમાં વૈશ્વિક કક્ષાએ આપવામાં આવેલા આઈટી ચેલેન્જને સોલ્વ કરવાની છે. એનઆઈડી તરફથી આ સ્પર્ધામાં કુલ ૧૭ ટીમોએ પાર્ટિસિપેશન રજીસ્ટ્રેશન કરાવ્યું હતુ. જેમાંથી ૬ ટીમોની પસંદગી કરાઈ છે. દરેક ટીમમાં કુલ ૫ સભ્યો રહેશે જે આ ચેલેન્જને સોલ્વ કરવા સ્પર્ધા કરશે. એલન મેક આર્થર ફાઉન્ડેશનને સપોર્ટ કરવા ફિલિપ્સ અને સિસ્કો કંપનીના માર્ગદર્શકો તથા એનઆઈડીના ફેકલ્ટીઝ ખડે પગે તૈયાર રહેશે. હેકોથોનમાં ખરેખરી ધંધાકીય કસોટીઓને અર્થતંત્રના બહુવર્તુળ પરિમાણો આધારિત ઉકેલવાની રહેશે. દરેક ટીમમાં વિવિધ પશ્વાદભૂમિકા ધરાવતા નિષ્ણાંત સ્પર્ધકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સ્પર્ધાના તમામ સ્પર્ધકો માટે સ્પર્ધા દરમ્યાન રહેવા-ખાવા-પીવા સહિતની તમામ વ્યવસ્થા એનઆઈડીના પીજી કેમ્પસ ખાતે કરવામાં આવી છે. તે પ્રકારની માહિતી એનઆઈડીના એડમિનીસ્ટ્રેટીવ ઓફિસર એસ.બી. નાયડુએ આપી હતી.

ગ્લોબલ હેકોથોન સ્પર્ધા અંગે માહિતી આપતા એનઆઈડીના ન્યુ મિડિયા ડિઝાઈન વિભાગના એસોસિએટ ફેકલ્ટી તથા ફોટોગ્રાફી લેબના હેડ સૌરભ શ્રીવાસ્તવે જણાવ્યું હતુંકે આ સ્પર્ધામાં લોકલ તથા ગ્લોબલ એમ બે કક્ષાએ વિજેતાઓ જાહેર કરાશે. ગાંધીનગર એનઆઈડીની ૬ ટીમોમાંથી એક વિજેતા તેમજ વૈશ્વિક કક્ષાએ ભાગ લેનાર તમામ ટીમોમાંથી સૌથી ઝડપી સોલ્યુશન શોધનાર ટીમને વિજેતા જાહેર કરાશે. સ્પર્ધાનું પરિણામ તા. ૧૩મી માર્ચે રાત્રે ૧૦.૩૦ કલાકે એલન મેક આર્થક ફાઉન્ડેશન દ્વારા જાહેર કરાશે. જ્યારે વિશ્વમાં યુકે, યુએસએ અને ભારત એમ માત્ર ત્રણ જ જગ્યાએ યોજાનાર સ્પર્ધામાં શહેરની સંસ્થાના વિદ્યાર્થીઓ ભાગ લે તે ગાંધીનગર માટે ગૌરવપ્રદ ઘટના બની રહેશે.

# માણસાની મેડીકલ સ્ટોરમાં ચોરી કરનાર શખ્સ ઝડપાયો

### દોઢ મહિના પહેલા ૩૯ હજાર ભરેલુ પાકીટ ચોરી થયુ હતુ

ગાંધીનગર, તા. ૧૧

માણસા ખાતે મસ્જીદ ચોકમાં આવેલા ઘનશ્યામ મેડીકલ સ્ટોરમાંથી દોઢ મહિના અગાઉ રૂપિયા ભરેલા પાકીટની ચોરી થવા પામી હતી. આ પાકીટ ચોરી જનાર શખ્સની ગાંધીનગર એલસીબીની ટીમે પકડી પાડ્યો છે. રૂ. ૩૫,૭૦૦ રોકડા લઈને ઈટાદરા ચોકડીથી ગાંધીનગર આવવાની ફીરાકમાં હતો ત્યારે તેને દબોચી લેવામાં આવ્યો હતો. એલસીબીની ટીમે તેની ધરપકડ કરી માણસા પોલીસને સોંપી દીધો છે.



દોઢ મહિના પહેલા માણસાની ઘનશ્યામ મેડીકલ સ્ટોરમાંથી રોકડ રૂ. ૩૯ હજાર ભરેલા પાકીટની ચોરી થઈ જવા પામી હતી. જે અંતર્ગત એસપી વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પીઆઈ આશુતોષ પરમારની ટીમ ચોર શોધવા સક્રીય હતી. દરમ્યાન હેડ કોન્સ્ટેબલ હરીભાઈને મળેલી બાતમીને આધારે પીએસઆઈ વી.યુ. ગાડરીયા તથા તેમની ટીમના માણસો ઈટાદરા ચોકડી પહોંચી ગયા હતા. ગાંધીનગર તરફ જતી શટલીયા જીપોના સ્ટન્ડ નજીકથી મુળ મહારાષ્ટ્રના અને હાલ અમદાવાદ રહેતા અમુલક ગેંડાલાલ વાણીને પકડી પાડ્યો હતો. તેની પાસેથી રૂ. ૩૫,૭૦૦ રોકડા મળી આવ્યા હતા. તે રૂપિયા અંગે પુછતાછ કરતા દોઢ મહિના પહેલા માણસાના મેડીકલ સ્ટોરના માલીકની નજર ચુકવીને ગુનો આચર્યો હોવાની કબુલાત કરી છે. એલસીબીની ટીમે આરોપીની ધરપકડ કરી માણસા પોલીસને વધુ આગળની કાર્યવાહી માટે સોંપી દીધો છે.



**ચિલોડા સર્કલમાં પથ્થર ભરેલું ટ્રેલર ઘુસી ગયું...!**

હિંમતનગર-ચિલોડા હાઈવે પરથી આજે વહેલી સવારે પસાર થઈ રહેલું એક ટ્રેલર ચિલોડા સર્કલમાં ઘુસી ગયું હતું. મંદિર બનાવવા વપરાતા પથ્થરો ભરેલા આ ટ્રેલરને સરખેજ તરફ લઈ જવાઈ રહ્યું હતું ત્યારે ડ્રાઈવરને ઝોકુ આવી જતા સર્કલમાં ટ્રેલર ઘુસી ગયું હતું. સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી.

# અમરભારતી સંસ્થા મોટી પાવઠી ખાતે વાંચન લેખન સેમિનારનું ઉદ્‌ઘાટન

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને સેન્ટર ફોર અર્બન એન્ડ રૂરલ એમ્પાયરમેન્ટ (ક્યોર) દ્વારા દહેગામ તાલુકાની અમરભારતી સંસ્થા, મોટી પાવઠી ખાતે ચાર દિવસીય વાંચન લેખન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનું ઉદ્‌ઘાટન ગાંધીનગર જિલ્લા માહિતી કચેરીના નાયબ માહિતી નિયામક શ્રી નરેશભાઈ ચૌધરીએ દીપ પ્રગટાવીને કર્યુ હતું. ક્યોર સંસ્થાના પ્રમુખ શ્રી સંજયભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતી સાહિત્ય, ટૂંકી વાર્તાઓ, ગુજરાતી જોડણી, વ્યાકરણ સહિતનું વિદ્યાર્થીઓને જ્ઞાન મળે તે માટે વાંચન, લેખન સેમિનાર દ્વારા તેમના જીવનમાં વિવિધતા અને નવિનતાથી કેળવણી આપવાનો પ્રયાસ છે. સંસ્થા દ્વારા ક્ષમતા વર્ધક તાલીમો, માનવ સંશાધન વિકાસ, બાળ અને યુવા વિકાસ મહિલા સશક્તિકરણ જેવી વિકાસ પ્રવૃત્તિઓનું આયોજન કરે છે.

આ સેમિનારના ઉદ્‌ઘાટન પ્રસંગે તજજ્ઞ કવિ શ્રી હરદ્વાર ગોસ્વામી અને શ્રીમતી રક્ષાબેન શુક્લએ જણાવ્યું હતું કે વાંચન અને લેખન વિદ્યાર્થીઓ અને માનવજીવન માટે ખુબ જ અગત્યનું છે. જીવનમાં નવીનતા અને વિવિધતા વાંચનથી આવે છે. વિદ્યાર્થીઓએ સંદર્ભગ્રંથો અને લાઈબ્રેરીને પોતાના સાથી અને દોસ્ત બનાવી પોતાની સર્જન શક્તિ અને રચનાત્મક શક્તિઓને બહાર લાવવી જોઈએ. વિદ્યાર્થીઓએ પોતાની રૂચિવાળા ક્ષેત્રને અનુરૂપ સંદર્ભ સાહિત્ય અને પુસ્તકોના વાંચનથી જ્ઞાનમાં વધારો કરવો જોઈએ.

# લેકાવાડામાં ઝાડ સાથે દોરી બાંધી યુવાનનો ગળે ફાંસો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર નજીક આવેલા લેકાવાડા ગામની સીમમાં રાત્રી દરમિયાન કોઈ અગમ્ય કારણોસર એક યુવાને ઝાડની ડાળી પર દોરી બાંધી ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. ચિલોડા પોલીસને ઘટનાની જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

લેકાવાડા ગામની સીમમાં સ્થિત એક બાવળના ઝાડની ડાળી પર દોરી બાંધીને એક યુવાને ગળે ફાંસો ખાઈ લીધો હતો. ગામના સરપંચને જાણ થતા તેમણે ચિલોડા પોલીસને બોલાવી હતી. ઘટનાસ્થળે પહોંચીને પોલીસે મૃતદેહ ઝાડ પરથી ઉતારી તપાસ કરતાં ગામના જ ૩૫ વર્ષીય નરેન્દ્રસિંહ સોમસિંહ ચૌહાણનો મૃતદેહ હોવાનું બહાર આવ્યું હતું.

## ખૂણે ખાંચરેથી...

● આગામી ૧૫મીએ ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતની જિલ્લા-તાલુકા પંચાયતના કોંગી પદાધિકારીઓની હિંમતનગર ખાતે વિચાર બેઠકનું આયોજન કરાયું છે.

● ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ફોટા સાથેના લાગેલા હોર્ડિંગ્સના મુદ્દે શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહ, મનપા વિપક્ષના નેતા શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, પૂર્વ નેતા શ્રી ચીમનભાઈ વિંઝુડા તથા કાઉન્સીલર અશોક શ્રીમાળી અને અન્ય કાર્યકરોએ મ્યુનિ. કમિશ્નરને આવેદન પત્ર આપ્યું છે.

● ગાંધીનગરમાં આગામી ૧૮મીએ કિસાન સભાનું આયોજન ભાજપ દ્વારા કરવામાં આવ્યું છે.

● ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળના આજના સ્થાપના દિવસે યોજાનાર કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ ઉપસ્થિત રહેનાર હોઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

● ગાંધીનગર શહેરમાં વિવિધ અખબારોમાં ફરજો બજાવતા ૧૦ થી વધુ પત્રકારો વાઈરલ ફિવરમાં સપડાયા છે.

● ગુજરાતી ફિલ્મોના અભિનેતા શ્રી જીમીત ત્રિવેદી આજે એક કલાક માટે ગાંધીનગરના અતિથિ બન્યા હતા.

● ગાંધીનગર શહેરમાં પાનખરને લઈ કચરાની માત્રામાં ભારે વધારો થયો છે અને શહેરમાં ગંદકીનું સામ્રાજ્ય વધતુ જણાય છે.

